## કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, ન.કૃ.યુ., પરિયા

## લીલા ઘાસચારાની હરાજીની જાહેરાત

આથી લાગતા વળગતા ધંધાદારી ઈસમોને જણાવવાનું કે કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, પરીયા, તા. પારડી, જી. વલસાડ ની કચેરી હસ્તકના ફાર્મના વિભાગ-૨ થી વિભાગ-૮ માં રહેલા શેઢાપાળાનો, રસ્તાની બાજુનો તથા આંબા, ચીકુ અને કાજુના પાકો તથા અન્ય ફળઝાડના ગાળા વચ્ચેનો લીલો ઘાસચારો પોતાના ખર્ચે કાપીને લઈ જવાનો ખરીફ-૨૦૨૫ નો ઈજારો આપવાનો થાય છે. સદર હરાજીની વિસ્તૃત શરતો કચેરીમાંથી ચાલુ દિવસો દરમિયાન તથા નવસારી કૃષિ યુનિવર્સિટીની વેબસાઈટ www.nau.in પર વાંચવા મળશે. તો રસ ધરાવનાર ઈસમોએ રૂા. ૩૦૦/- રોકડા ચુકવી ટેન્ડર ફોર્મ ભરીને બંધ કવરમાં અનામતની રકમના ડિમાન્ડ ડ્રાફ્ટ/ચેક સહિતનું કવર તારીખ ૦૪/૦૮/૨૦૨૫ ના રોજ સાંજે ૦૫:૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીમાં રૂબરૂ/ટપાલ દ્વારા મળી જાય તે રીતે પહોંચતું કરવાનું રહેશે. ભાવ પત્રકો તા. ૦૫/૦૮/૨૦૨૫ ના રોજ ૧૦:૦૦ કલાકે નિયુક્ત સમિતી અને હાજર ઇજારદારો સમક્ષ અત્રેના કેન્દ્ર ખાતે ખોલવામાં આવશે.

સંશોધન વૈજ્ઞાનિક (બાગાયત)
કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નકૃયુ, પરિયા,
તા. પારડી, જિ. વલસાડ

નં.માહિતી/વલસાડ/343/2025

# કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નકૃયુ, પરીયા, તા. પારડી, જી. વલસાડ

## ખરીફ-૨૦૨૫ ની લીલા ઘાસચારાની હરાજીની શરતો

૧) લીલા ઘાસચારાનો ભાવ અત્રેના ફાર્મના વિભાગ-૨ થી વિભાગ-૮ માટે આપવાનો રહેશે.

૨) ટેન્ડર ભરનારે રૂા. ૬,000/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ભાવ પત્રક સાથે રોકડા/ચેક ડીપોઝીટ તરીકે ભરવાના રહેશે. જેમનો ઈજારો નામંજુર થશે તેમની ડીપોઝીટ પેટે ભરેલ રોકડ/ચેક તે જ દિવસે પરત કરવામાં આવશે. ઈજારો રાખનાર ઈજારદારની ડીપોઝીટ ઈજારો પુરો થતાં વગર વ્યાજે ચેક/RTGS દ્વારા પરત કરવામાં આવશે.

૩) હરાજી સમયે ધારણાં કરતાં ભાવ ઓછા જણાશે તો તેજ સમયે જાહેર બોલીથી હરાજી કરવામાં આવશે.

૪) જે ઇસમનું ટેન્ડર મંજુર થશે તે ઇજારદારે તુંરત ઇજારાની રકમના ૧૦% રોકડા/ચેક દ્વારા જમા કરાવવાના રહેશે. ઇજારાની બાકીના નાણા તા. ૦૬/૮/૨૦૨૫ સુધીમાં અત્રેની કચેરીમાં જમા કરાવ્યા બાદ જ લીલા ઘાસચારાની કાપણી કરવા દેવામાં આવશે.

૫) વિભાગ-૧ માં રહેલ ઘાસચારો યુનિવર્સિટીના મંજુર થયેલ પ્રતિ કિલોના ભાવ પ્રમાણે વેચાણ કરવાનું હોઇ સદર વિભાગ હરાજીમાંથી બાકાત રાખેલ છે.

૬) કાપેલ લીલા ઘાસચારાને ગેટપાસ મેળવીને જ મુખ્ય દરવાજેથી બહાર લઈ જવાનો રહેશે.

૭) ઈજારો અધુરો છોડી દેનાર ઈસમની ડીપોઝીટ પરત કરવામાં આવશે નહીં.

૮) ઘાસ કાપતી વખતે કે અન્ય રીતે ઈજારદારના માણસોથી ફાર્મની કોઈપણ માલ-મિલકત કે રોપેલ ફળ ઝાડ કે અન્ય વાવેતરને નુકશાન થશે તો નુકશાનીના પ્રમાણમાં નીચે સહી કરનાર અધિકારીશ્રી જે નકકી કરે તે નુકશાનીની કિંમત ઇજારદારે ભરપાઈ કરવાની રહશે.

૯) વિભાગ ૫, ૬ તથા ૮ માં નવા બનાવેલ મેટલ રોડ પરથી મોટા વાહન લઇ જઇ શકાશે નહી.

૧૦) લીલા ઘાસચારાની કાપણીની મુદત તા. ૧૫/૧૦/૨૦૨૫ સુધીની રહશે. સદર મુદત પહેલા પ્લોટ સફાઈ તેમજ શેઢાપાળા સફાઈની જરૂર પડશે તો ઈજારદારને બે દિવસ પહેલા જાણ કર્યા પછી ફાર્મ દ્વારા ઘાસની કાપણી શરૂ કરવામાં આવશે અને ફાર્મમાં વરાપ સમયે ટ્રેકટરથી ખેડ કાર્ય શરૂ કરી દેવામાં આવશે. આ બાબતે કોઈ પણ જાતની તકરાર ચાલશે નહી. તા. ૧૫/૧૦/૨૦૨૫ બાદ કોઇપણ સંજોગોમાં મુદતમાં વધારો કરી આપવામાં નહીં આવે.

સ્થળ:-પરીયા

તારીખ:- ૧૫/૦૭/૨૦૨૫

LLPatel

સંશોધન વૈજ્ઞાનિક(બાગાયત)
કૃષિ પ્રાયોગિક કેન્દ્ર,
નવસારી કૃષિ યુનિવર્સિટી
પરીયા. તા.પારડી.જી.વલસાડ

મંજુર

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી